Received on : 12-03-2026
Registered on : 12-03-2026
Decided on : 20-03-2026
Duration : Y M D
- - 08

**જુનાગઢના મે. પાંચમા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ. જુનાગઢ.**
**ફોજદારી પરચુ. અરજી નં. ૧૯૩/૨૦૨૬.**
**આંક– ૦૫**

દેવા ઉર્ફે લેંડી કલ્યાણજી રામચંદ્ર ચૌહાણ,
રહે. રામદેવપરા, સકકરબાગ પાસે,
જૂનાગઢ.
(હાલ જીલ્લા જેલ, જૂનાગઢ.) ......**અરજદાર/આરોપી**

**–:: વિરૂધ્ધ ::–**

શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ. ......**સામાવાળા**

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૪૮૩ હેઠળ વચગાળાની જામીન અરજી.

**ગુન્હો :–** ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ.

**સંદર્ભ :–** જૂનાગઢ એ–ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ. રજી. નં. ૧૧૨૦૩૦૨૩૨૪૦૫૬૪/૨૦૨૪.

---

અરજદાર/આરોપી તરફે વિ. વકીલશ્રી એસ.કે.મહેતા(એલ.એ.ડી.સી.).
સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એડી.પી. પી. શ્રી એસ. ડી. જોટાણીયા.

---

**–: હુકમ :–**

(૧) હાલની અરજી અરજદાર/આરોપી સામે જૂનાગઢ એ–ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ. રજી. નં. ૧૧૨૦૩૦૨૩૨૪૦૫૬૪/૨૦૨૪, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ ગુનો નોંધાયેલ મુજબ ગુનો નોંધાયેલ અને તે ગુનાને કામે હાલના અરજદાર/ આરોપી તા. ૧૧–૦૬–૨૦૨૪ થી કસ્ટડીમાં હોય, તેઓ

તરફે બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે વચગાળાના જામીન ઉપર મુકત થવા માટે તેમના વકીલશ્રી મારફત હાલની આ અરજી દાખલ કરેલ છે. જે અરજી દાખલ કરી સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા સરકારશ્રી તરફે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી એસ.ડી.જોટાણીયા હાજર થયેલા. તેઓએ પોલીસ તપાસના કાગળો તથા તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું આંક–૦૪ થી રજુ કરેલ છે.

(૨) અરજીના અનુસંધાને અરજદાર/આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી ને તથા સામાવાળા સરકારશ્રી તરફે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી એસ.ડી.જોટાણીયાને રૂબરૂ સાંભળ્યા. અરજીમાં જણાવેલ હકીકતો અને અરજી સાથે રજુ કરેલ પેપર્સ તથા પોલીસ તપાસના કાગળો અને તપાસ કરનાર અમલદારે આંક–૦૪ થી રજુ કરેલ સોગંદનામું વંચાણે લીધુ.

(૩) અરજદાર/આરોપી તરફે વિદ્વાન વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી આશરે એક વર્ષ આઠ માસથી જેલમાં છે. અરજદાર/આરોપીના ભાઈ જુદા રહે છે અને ઘરે માતા–પિતા એકલા છે અને અરજદારની માતાને શ્વાસની બિમાર હોય, શ્વાસ લેવા પંપનો ઉપયોગ કરે છે અને તેઓના બંને હાથ તથા બંને પગના આંગળાઓ કપાયેલા છે અને તેઓ કોઈ કામ જાતે કરી શકતા ન હોય, તેઓને હોસ્પીટલમાં બોડી ચેકઅપ કરાવવાનુ હોવાથી અને અરજદાર/આરોપીની ખૂબ જ આર્થિક પરિસ્થિતી નબળી હોય જેથી આર્થિક વ્યવસ્થા કરવા અને માતુશ્રીની બીમારી સબબની સારવાર અર્થે અરજદાર/આરોપીને દિન–૩૦ ના વચગાળાના જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે સરકાર તરફે વિદ્વાન વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીએ ગંભીર પ્રકારનો ગુન્હો કરેલ છે, અરજદાર આરોપી

ગુન્હાહીત ઈતિહાસ ધરાવે છે અને આ ગુન્હાનો મુખ્ય આરોપી છે તેમજ અરજદાર/આરોપીએ અગાઉ કરેલ જામીન અરજીઓ નામંજુર થયેલ છે અને નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કરેલ જામીન અરજી વીડ્રો કરેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી જૂનાગઢ, રાજકોટ, અમદાવાદ વિગેરેની સરકારી હોસ્પીટલમાં સારામાં સારી સારવાર કરાવી શકે તેમ છે. વધુમાં અરજદાર/આરોપીને વચગાળાના જામીન ઉપર મુકત કરવામાં આવશે તો  અરજદાર/આરોપી એકદમ ઝનુની સ્વભાવના હોય અન્ય ગુન્હા કરે તેવી શકયતા હોય જે તમામ હકીકતે અરજદાર/આરોપીની વચગાળાની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

**(૫)** બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆતો ધ્યાને લીધી તથા અરજીમાં જણાવેલ હકીકતો, અરજી સાથે રજુ કરેલ પેપર્સ, પોલીસ તપાસના કાગળો અને તપાસ કરનાર અમલદારે રજુ કરેલ સોગંદનામું ધ્યાને લીધુ.

**(૫.૧)** ફરીયાદ તથા પોલીસ તપાસના કાગળો વંચાણે લેતા, આ કામે આરોપીની સામે  ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ તથા જી.પી.એકટની કલમ–૧૩૫  મુજબના ગુનાનો આક્ષેપ છે. હાલના અરજદાર/ આરોપી સામે ઉકત જણાવેલ ગુના સબંધે ફરીયાદ દાખલ થયા બાદ તા. ૧૦/૦૬/૨૪ થી જયુડીશીયલ કસ્ટડીમાં છે. અરજદાર/ આરોપીએ હાલની અરજી ગુણદોષ પર નહી પરંતુ તેઓના માતા વયોવૃધ્ધ હોય, તેમની  સારવાર માટે તેમજ આર્થીક તેમજ તેણી ગુજરાન ચલાવી શકે તે અર્થે સહાય માટે દિન–૩૦ ના વચગાળાના જામીન મેળવવા અરજ ગુજારેલ છે.

સદરહુ અરજી સામે તપાસ કરનાર અમલદારનુ આંક–૪ થી રજુ સોગંદનામુ વંચાણે લીધુ. વધુમાં અરજદાર/ આરોપી સામે સદરહુ ગુન્હાનો સેશન્સ કેસ

નં. ૭૪/૨૪ થી અદાલત સમક્ષ પેન્ડીંગ છે. અરજદાર સામે માત્ર રૂપીયા ૫૦૦/– જેવી રકમ માંગી છરીનો એક ઘા મરણજનારના ડાબા હાથની બગલમાં મારી ગંભીર ઈજા પહોંચાડી મોત નીપજાવ્યાનો ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ તથા ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબના મોત અથવા આજીવનકેદની શીક્ષાપાત્ર ગંભીર આક્ષેપ વાળા ગુનાનું તહોમત છે. વધુમાં ટ્રાયલ પેન્ડીંગ હોય, તેઓને જામીન પર મુકત કરવામાં આવે તો ગંભીર અસર ટ્રાયલ પર પડે તેવી જણાતી હોય, હાલની આ વચગાળાની જામીન અરજીમાં જણાવેલ કારણ સંદર્ભે દિન–૩૦ વચગાળાના જામીન પર માનવીય કારણોસર જામીન મુકત કરવા સબબ રજુ પુરાવાઓ જોતા જણાતું નથી. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ હાલની વચગાળાની જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

હાલના અરજદાર/આરોપી દેવા ઉર્ફે લેડી કલ્યાણજી ચૌહાણ, હાલ જીલ્લા જેલ, રાજકોટવાળાની હાલની વચગાળાની જામીન અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૨૦મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

જૂનાગઢ.

તા. ૨૦–૦૩–૨૦૨૬.

**(હિતેશ ગીરીશભાઈ દામોદ્રા)**
પાંચમા એડી. સેશન્સ જજ
જૂનાગઢ
(કોડ નં. GJ01005)